જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૭૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૪ | ૪,૫૦,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>એલ.સી.બી. ઝોન-૧</u>

## અંધ મહિલાનો ગુમ થયેલ મોબાઇલ શોધી લાવી પરત કરી ઉત્કૃષ્ઠ કામગીરી કરતી એલ.સી.બી. ઝોન-૧

મે.પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા શ્રી ડો. લવિના સિન્હા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આમ જનતા સાથે માનવીય અભિગમથી કામગીરી કરી તેઓને સહાયરૂપ બનવા માટે અવાર નવાર સુચનો કરવામાં આવેલ જે અનુસંધાને I/c એલ.સી.બી ઝોન-૧ પો.સબ ઇન્સ.શ્રી એચ.એચ.જાડેજા તથા મ.સ.ઇ.જીવણભાઇ મેઘજીભાઇ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા પો.કોન્સ.દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ મહિપતસિંહ નરસિહભાઈ બ.ન-૧૦૨૧૨ તથા પો.કોન્સ. વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ તથા પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીગ દરમિયાન તા-૨૮/૦૩/૨૦૨૨ ના રોજ એક અંધ બહેન ફાતીમા ડો/ઓફ નુરુદીન મોહમ્મદભાઇ સિંનવાલા રહે-સી-૨ રૂમ નં-૧૦૩ બુરહાની પાર્ક નવાના પંપીગ સેન્ટર સામે વટવા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેરનાઓ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે મોબાઇલ તેમજ અન્ય ડોક્યુમેન્ટ ગુમ થવા બાબતની જાણ કરતા શ્રી ડો.લવિના સિન્હા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબનાઓએ તેમના સીધા માર્ગદર્શન હેઠળ અંધ મહિલાનો મોબાઇલ તેમજ ડોક્યુમેન્ટ શોધવા સારૂ એલ.સી.બી.ઝોન-૧ નાઓને સુચના કરેલ જે આધારે સી.સી.ટી.વી ફૂટેજ મેળવી જરૂરી એનાલીસીસ કરી અંધ મહિલાનો મોબાઇલ શોધી મોબાઇલ મુળ માલીકને પરત સોંપી ખુબ જ પ્રસંશનીય કામગીરી કરેલ છે.



## <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૧૨૨૦૦૫૩/૨૦૨૨ ઇપીકો કલમ ૪૦૬,૪૦૯,૪૨૦ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૪૩૬/૨૦૨૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા (૩)નવરંગપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૬૨૨૦૨૭૬/૨૦૨૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના છેતરપીંડી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/૫૮૬/૨૦૨૨ તા.૧૬/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૬/૦૬/૨૦૨૨ ના કલાક:૨૦/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>આરોપીનું નામ:</u>

ચેતનભાઇ રમણભાઇ પંચાલ રહે.એમ/૫૦૪,ક્રિશ ગોલ્ડ એપાર્ટમેન્ટ ડી-માર્ટ મોલની પાછળ ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ અ'વાદ શહેર

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૨/૨૦૨૨**

**વાડજઃ** ચિંતનભાઇ નરેન્દ્રભાઇ પંચાલ (રહે. પાથેય સોસાયટી શાહીબાગ) એ તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ ના કલાક ૧૦/૩૦ થી તા.૧૬/૦૬/૨૦૨૨ ના કલાક ૦૭/૩૦ વાગ્યા દરમ્યાન નવાવાડજ અગીયારી મંદીર પાસે સિધ્ધેશ્વરી સોસાયટી ખાતે રહેતા ચિંતનભાઈના પિતરાઈ ભાઈના મકાન તેમજ અન્ય સાહેદના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ ૭,૦૮,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૩/૨૦૨૨**

**સરખેજઃ** સરખેજ તાજ હોટલ સામે આંબલી મ્યુનિસિપલ કોર્પોરેશન ગ્રાર્ડન સામે મારૂતીનંદન સામે નવા બનતા બંગ્લા ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા મહાવિરકુમાર સ/ઓ સુરેન્દ્ર ભોલા સહની (ઉ.વ.૧૫) (મુળ વતન. ગામ-કટર્હા વોર્ડનં-૯ પો-કટર્હા રઘુનાથપુર પુર્વ ચંપારણ જી-મોતીહારી રાજય-બિહાર) ને તા.૧૫/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે બનતા બંગ્લા ખાતે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**ચાંદખેડાઃ** મનોજ હરચંદભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. રામબાગ આવાસ યોજના ઔડાના મકાન ચાંદલોડીયા) તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે તપોવન સર્કલ પાસે આમ્રકુંજ અવીસ કોમ્પલેક્ષના છઠ્ઠા માળે બીસ્ટા સોલ્યુશન નામની ઓફીસમાં એસ.સી.ફીંટીગનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિક લાભશંકર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૪/૨૦૨૨**

**કાગડાપીઠઃ** ઇશ્વરભાઈ બિજલભાઈ વોરા (ઉ.વ.૨૮) (રહે. કૃષ્ણનગરની ચાલી ચોર્યાસીની ચાલીની બાજુમાં નાળા રોડ ગીતામંદિર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અલ્પેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.